### પાંચ મહિના પછી મેદાન પર વાપસી કરનારા રવિન્દ્ર જાડેજાએ 17 ઓવર બોલિંગ કરી

ચેન્નાઇ, તા. 17 (પીટીઆઇ) : ભારતીય ટીમના સ્ટાર ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાએ લગભગ પાંચ મહિના પછી પ્રોફેશનલ ક્રિકેટમાં વાપસી કરતાં આજે અહીં તમિલનાડુ સામેની રણજી મેચમાં પોતાની ટીમ સૌરાષ્ટ્રનું સુકાન સંભાળવાની સાથે જ દિવસ દરમિયાન 17 ઓવર બોલિંગ કરી હતી. ચેપોકની ધીમી વિકેટ પર ભલે જાડેજાને વિકેટ ન મળી હોય પણ તેણે એવું દર્શાવી દીધું હતું કે તે ફિટ થઇ રહ્યો છે. રાષ્ટ્રીય પસંદગીકાર શ્રીધરન શરતની હાજરીમાં ઓસ્ટ્રેલિયા સામેની આગામી ટેસ્ટ સીરિઝ પહેલા સ્ટાર ડાબોડી સ્પીનરની ફિટનેસ પર પણ ધ્યાન અપાયું હતું.

### ફ્રેન્ચ કપ : એમ્બાપ્પેના પાંચ ગોલની મદદથી પીએસજી પેસ ડી કેસેલ સામે 7-0થી જીત્યું

પેરિસ, તા. 24 (એપી) : કિલિયન એમ્બાપ્પેના પાંચ ગોલની મદદથી લીગ 1 જાયન્ટ્સ પેરિસ સેન્ટ જર્મન (પીએસજી)એ સોમવારે ફ્રેન્ચ કપમાં છઠ્ઠા-લેવલની એમેચ્યોર ટીમ પેસ ડી કેસેલને 7-0થી કચડી નાખ્યું હતું. આ સાથે જ એમ્બાપ્પે એક મેચમાં પાંચ ગોલ કરનાર પીએસજીનો પ્રથમ ખેલાડી બન્યો હતો. એમ્બાપ્પેએ અહીં પ્રથમ હાફમાં જ હેટ્રિક ગોલ કરી દીધા હતા. હાફ ટાઇમ પછી એમ્બાપ્પેએ વધુ બે ગોલ કર્યા હતા અને તેના સિવાય નેમાર અને કાર્લોસ સોલેરે 1-1 ગોલ કર્યા હતા.

# ત્રીજી વન ડે જીતીને ભારત બન્યું નંબર વન

**ન્યૂઝીલેન્ડ** સામેની વન ડે સીરિઝ 3-0થી જીતીને ભારતે કીવી ટીમને ત્રીજીવાર ક્લિનસ્વીપ કરી સતત સાતમી વન ડે જીતી

**રોહિત,** ગીલની સદી ઉપરાંત હાર્દિકની અર્ધસદીની મદદથી ભારતે 385 રન બનાવ્યા, ન્યૂઝીલેન્ડની ટીમ 295 રનમાં ઓલઆઉટ




**વન ડે ટીમ રેન્કિંગ**

| ક્રમ | દેશ | રેટિંગ્સ |
|---|---|---|
| 1 | ભારત | 114 |
| 2 | ઇંગ્લેન્ડ | 113 |
| 3 | ઓસ્ટ્રેલિયા | 112 |
| 4 | ન્યુઝીલેન્ડ | 111 |
| 5 | પાકિસ્તાન | 106 |
| 6 | દક્ષિણ આફ્રિકા | 100 |
| 7 | બાંગ્લાદેશ | 95 |
| 8 | શ્રીલંકા | 88 |
| 9 | અફઘાનિસ્તાન | 71 |
| 10 | વેસ્ટઇન્ડિઝ | 71 |

ઈન્દોર, તા. 24 : આજે અહીંના હોલકર સ્ટેડિયમમાં રમાયેલી ત્રીજી અને અંતિમ વન ડેમાં ભારતીય ટીમે 90 રને જીત મેળવીને સીરીઝમાં ન્યૂઝીલેન્ડને 3-0થી ક્લિનસ્વીપ કર્યું હતું અને આ જીતની સાથે જ ભારતીય ટીમ આઈસીસી વન ડે ઈન્ટરનેશનલ રેન્કિંગમાં નંબર વન ટીમ બની ગઈ હતી. ભારતીય ટીમ ટી-20માં પહેલાથી નંબર વન છે અને ટેસ્ટમાં ભારતીય ટીમ બીજા ક્રમે છે.

ટોસ હારીને પહેલા બેટીંગ કરનારી ભારતીય ટીમને રોહિત અને ગિલે 200 રનની ભાગીદારી કરીને ટીમને મજબૂત શરૂઆત અપાવી હતી. રોહિતે 85 બોલમાં નવ ચોગ્ગા અને છ છગ્ગા સાથે 101 રન જ્યારે ગિલે 78 બોલમાં 13 ચોગ્ગા અને પાંચ છગ્ગાની મદદથી 112 રનની ઈનિંગ રમી હતી. હાર્દિક પંડ્યાએ અંતિમ ઓવરોમાં 38 બોલમાં ત્રણ છગ્ગા અને ત્રણ ચોગ્ગાની મદદથી 54 રનની ઈનિંગ રમીને ટીમના સ્કોરને 385 રન સુધી પહોંચાડવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. લક્ષ્યાંક આંબવા મેદાને પડેલી ન્યૂઝીલેન્ડની ટીમે પહેલી ઓવરમાં જ ફિન એલનની વિકેટ ગુમાવી હતી. જો કે ડેવોન કોનવેએ બાજી સંભાળીને 42 રન કરનારા હેનરી નિકોલ્સસાથે 106 અને 24 રન કરનારા ડેરિલ મિશેલ સાથે 78 રનની ભાગીદારી કરી હતી. કોનવેએ તેની ત્રીજી સદી 71 બોલમાં ફટકારી હતી. જો કે તે આઉટ થતાંની સાથે ન્યૂઝીલેન્ડની રનગતિ ધીમી પડી હતી. ભારત તરફથી શાર્દુલ ઠાકુર અને કુલદીપ યાદવે 3-3 જ્યારે યુઝવેન્દ્ર ચહલે 2 તેમજ હાર્દિક પંડ્યા અને ઉમરાન મલિકે એક-એક વિકેટ લીધી હતી.

| ભારત | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| રોહિત બો. બ્રેસવેલ | 101 | 85 | 9 | 6 |
| ગીલ કો. કોનવે બો. ટિક્નેર | 112 | 78 | 13 | 5 |
| કોહલી કો. એલન બો. ડફી | 36 | 27 | 3 | 1 |
| ઇશન રન આઉટ | 17 | 24 | 1 | 1 |
| સૂર્યા કો. કોનવે બો. ડફી | 14 | 9 | 0 | 2 |
| હાર્દિક કો. કોનવે બો. ડફી | 54 | 38 | 3 | 3 |
| સુંદર કો. મિચેલ બો. ટિક્નેર | 9 | 14 | 1 | 0 |
| શાર્દુલ કો. લાથમ બો. ટિક્નેર | 25 | 17 | 3 | 1 |
| કુલીપ રન આઉટ | 3 | 3 | 0 | 0 |
| ઉમરાન નોટ આઉટ | 2 | 5 | 0 | 0 |
| વધારાના | 12 | | | |
| કુલ (50 ઓવર 9 વિકેટ) | 385 | | | |

**વિકેટ પતન:** 1/212 2/230 3/268 4/284 5/293 6/313 7/367 8/379 9/385

| બોલિંગ : | O | M | R | W |
|---|---|---|---|---|
| જેકબ ડફી | 10 | 0 | 100 | 3 |
| લોકી ફર્ગ્યુસન | 10 | 1 | 53 | 0 |
| બ્લેર ટિક્નેર | 10 | 0 | 76 | 3 |
| મિચેલ સેન્ટનર | 10 | 0 | 58 | 0 |
| ડેરિલ મિચેલ | 4 | 0 | 41 | 0 |
| માઇકલ બ્રેસવેલ | 6 | 0 | 51 | 1 |

| ન્યુઝીલેન્ડ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| એલન બો. હાર્દિક | 0 | 2 | 0 | 0 |
| કોનવે કો.રોહિત બો. ઉમરાન | 138 | 100 | 12 | 8 |
| નિકોલ્સ એલબી બો.કુલદીપ | 42 | 40 | 3 | 2 |
| મિચેલ કો.ઈશાન બો.શાર્દુલ | 24 | 31 | 2 | 0 |
| લાથમ કો.હાર્દિક બો.શાર્દુલ | 0 | 1 | 0 | 0 |
| ફિલિપ્સ કો.કોહલી બો.શાર્દુલ | 5 | 7 | 0 | 0 |
| બ્રેસવેલ સ્ટ.ઈશાન બો.કુલદીપ | 26 | 22 | 3 | 1 |
| સેન્ટનર કો.કોહલી બો.ચહલ | 34 | 29 | 3 | 2 |
| ફર્ગ્યુસન કો.રોહિત બો.કુલદીપ | 7 | 12 | 0 | 0 |
| ડફી એલબી બો.ચહલ | 0 | 2 | 0 | 0 |
| ટીક્નેર નોટઆઉટ | 0 | 2 | 0 | 0 |
| વધારાના | 19 | | | |
| કુલ (41.2 ઓવર્સ) | 295 | | | |

**વિકેટ પતન:** 1/0, 2/106 3/184 4/184 5/200 6/230 7/269 8/279 9/280 10/295

| બોલિંગ : | O | M | R | W |
|---|---|---|---|---|
| હાર્દિક પંડ્યા | 6 | 0 | 37 | 1 |
| વોશિંગ્ટન સુંદર | 6 | 0 | 49 | 0 |
| શાર્દુલ ઠાકુર | 6 | 0 | 45 | 3 |
| ઉમરાન મલિક | 7 | 0 | 52 | 1 |
| કુલદીપ યાદવ | 9 | 0 | 62 | 3 |
| યુઝવેન્દ્ર ચહલ | 7.2 | 0 | 43 | 2 |

# વન ડેમાં સર્વાધિક છગ્ગા અને સદી મામલે રોહિત શર્મા વિશ્વમાં ત્રીજા સ્થાને પહોંચ્યો

**છગ્ગા** ફટકારવા મામલે જયસૂર્યાને ઓવરટેક કર્યો, સદી ફટકારવા મામલે ત્રીજા સ્થાને રિકી પોન્ટીંગની બરોબરીએ બેઠો



ઇન્દોર, તા. 24 : આજે અહીં રમાયેલી ન્યૂઝીલેન્ડ સામેની ત્રીજી અને અંતિમ વન ડેમાં ભારતીય ટીમના કેપ્ટન રોહિત શર્માએ 6 છગ્ગા સાથે શતકીય ઇનિંગ રમી હતી. આ સદી રોહિતની વન ડે કેરિયરની 30મી સદી હતી અને તેની સાથે જ તેણે વન ડેમાં સર્વાધિક સદી મામલે રિકી પોન્ટીંગની બરોબરી કરીને સચિન તેંદુલકર અને વિરાટ કોહલી પછી ત્રીજા સ્થાને પહોંચ્યો હતો. વન ડેમાં સચિને 49 અને કોહલીએ 46 સદી ફટકારી છે. આજની મેચમાં 6 છગ્ગા ફટકારીને તે વન ડે ઇન્ટરનેશનલમાં સર્વાધિક છગ્ગા ફટકારવા મામલે શ્રીલંકાના સનથ જયસૂર્યાને ઓવરટેક કરીને વિશ્વમાં ત્રીજા ક્રમે પહોંચી ગયો હતો. રોહિતના નામે 241 મેચમાં 273 છગ્ગા છે જ્યારે જયસૂર્યાના નામે 445 મેચમાં 270 છગ્ગા છે. વન ડેમાં સર્વાધિક 351 છગ્ગાનો રેકોર્ડ પાકિસ્તાનના શાહિદ આફ્રિદીના નામે છે અને તેના પછી 331 છગ્ગા સાથે વેસ્ટઇન્ડિઝના ક્રિસ ગેલનો નંબર આવે છે. ભારતનો માજી કેપ્ટન એમએસ ધોની 229 છગ્ગા સાથે આ યાદીમાં પાંચમા ક્રમે છે.

**વન ડે ઈન્ટરનેશનલમાં સર્વાધિક છગ્ગા મારનારા ખેલાડીઓ**

| ખેલાડી | દેશ | મેચ | છગ્ગા |
|---|---|---|---|
| શાહિદ આફ્રિદી | પાકિસ્તાન | 398 | 351 |
| ક્રિસ ગેલ | વેસ્ટઇન્ડિઝ | 301 | 331 |
| રોહિત શર્મા | ભારત | 241 | 273 |
| સનથ જયસૂર્યા | શ્રીલંકા | 445 | 270 |
| એમએસ ધોની | ભારત | 350 | 229 |

**વન ડે ઈન્ટરનેશનલમાં સર્વાધિક સદી ફટકારનારા ખેલાડીઓ**

| ખેલાડી | દેશ | મેચ | સદી |
|---|---|---|---|
| સચિન તેંદુલકર | ભારત | 463 | 49 |
| વિરાટ કોહલી | ભારત | 271 | 46 |
| રોહિત શર્મા | ભારત | 241 | 30 |
| રિકી પોન્ટીંગ | ઓસ્ટ્રેલિયા | 375 | 30 |
| સનથ જયસૂર્યા | શ્રીલંકા | 445 | 28 |

# ઓસ્ટ્રેલિયન ઓપન: સાનિયા મિર્ઝા અને રોહન બોપન્નાની જોડી સેમી ફાઇનલમાં

**યેલેના** ઓસ્ટાપેન્કો અને ડેવિડ હર્નાન્ડીઝ ખસી જવાથી સાનિયા-બોપન્નાને ક્વાર્ટર ફાઇનલમાં વોકઓવર મળ્યું

મેલબોર્ન, તા. 24 : પોતાની અંતિમ ગ્રાન્ડસ્લેમ ટેનિસ ટૂર્નામેન્ટ રમી રહેલી સાનિયા મિર્ઝા અને રોહન બોપન્નાની જોડી આજે મંગળવારે અહીં ઓસ્ટ્રેલિયન ઓપનની મિક્ષ્ડ ડબલ્સની સેમિફાઈનલમાં પહોંચી ગઈ છે. ભારતીય જોડીને ક્વાર્ટર ફાઈનલમાં વોકઓવર મળ્યું હતું અને તેની સાથે જ સાનિયા મિર્ઝાની ટાઈટલ જીત સાથે વિદાય લેવાની સંભાવના ઉજળી બની છે.

લેટિવિયાની યેલેના ઓસ્ટાપેન્કો અને સ્પેનના ડેવિડ વેગા હર્નાન્ડીઝની જોડી સામે ભારતીય જોડીએ ક્વાર્ટર ફાઈનલમાં રમવાનું હતું જો કે



ઓસ્ટાપેન્કો અને હર્નાન્ડેઝ મેચમાંથી ખસી જવાને કારણે ભારતીય જોડીને વોકઓવર મળ્યું હતું. અગાઉ, સાનિયા અને બોપન્નાની જોડીએ ઉરુગ્વેના એરિયલ બેહાર અને જાપાનની માકાટો નિનોમિયાને 7 પર 6-4, 7-6 થી હરાવીને અંતિમ આઠમાં જગ્યા બનાવી હતી. ટૂર્નામેન્ટની શરૂઆત પહેલા સાનિયાએ જાહેરાત કરી દીધી હતી કે આ તેની છેલ્લી ગ્રાન્ડસ્લેમ હશે.

### જાયન્ટ કિલર કોર્ડા ઇજાને કારણે ખસ્યો, ખચાનોવ પહેલીવાર સેમીમાં પ્રવેશ્યો

મેલબોર્ન, તા. 24 (એપી) : ઓસ્ટ્રેલિયન ઓપનમાં જાયન્ટ કિલર બનેલા અમેરિકન સેબેસ્ટિયન કોર્ડા અહીં કારેન ખચાનોવ સામેની ક્વાર્ટર ફાઇનલ દરમિયાન કાંડામાં ઇજા થવાના કારણે ખસી ગયો હતો અને તેના કારણે ખચાનોવ પહેલીવાર ઓસ્ટ્રેલિયન ઓપનની સેમીફાઇનલમાં પ્રવેશ્યો હતો. કોર્ડાએ જ્યારે મેચમાંથી ખસવાનો નિર્ણય કર્યો ત્યારે ખચાનોવ 7-6, 6-3, 3-0થી આગળ હતો. આ મેચમાં બીજા સેટની શરૂઆતમાં, કોર્ડાએ ફોરહેન્ડ સર્વિસ રિટર્નને ખોટી રીતે ફટકારતાં તેના જમણા કાંડામાં દુખાવો થતાં તેણે ટ્રેનરને બોલાવ્યો હતો. તે પછી ત્રીજા સેટની શરૂઆતમાં દુખાવો વધવાના કારણે કોર્ડાએ મેચમાંથી ખસવાનો નિર્ણય કર્યો હતો.

# વિરોધ પ્રદર્શન કરનારા પહેલવાન કમિટીની રચનાના સરકારના નિર્ણયથી નારાજ

**દેખરેખ** કમિટીની રચના કરતાં પહેલા અમારી સલાહ ન લેવાઇ તે દુખદ : વિરોધ કરનારા પહેલવાનો

**રમત** મંત્રાલયનો ખુલાસો : જે પાંચ નામ નક્કી કરાયા છે, તેમાંથી ત્રણ નામ પહેલવાનોએ જ સૂચવ્યા હતા

નવી દિલ્હી, તા. 24 (પીટીઆઇ) : રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (ડબલ્યુએફઆઇ)ના પ્રમુખ બ્રિજ ભૂષણ શરણ સિંહ સામે જાતીય શોષણ અને ધાકધમકીનો આરોપ મૂકનારા પહેલવાનોએ દેખરેખ કમિટીની રચના અંગે તેમની સાથે કોઇ ચર્ચા ન કરવામાં આવતા સરકારથી નારાજ છે. સરકારે આરોપોની તપાસ માટે દેખરેખ કમિટીની રચના કરતા પહેલા આ પહેલવાનોની સલાહ લીધી ન હતી. જો કે રમત મંત્રાલય દ્વારા આ મામલે એવો ખુલાસો કરાયો છે કે જે કમિટીના જે પાંચ સભ્યો છે તેમાંથી ત્રણ તો પહેલવાનોએ જે નામ સૂચવ્યા હતા તેમના જ છે.

રમત મંત્રી અનુરાગ ઠાકુરે સોમવારે બોક્સર એમસી મેરી કોમના નેતૃત્વમાં પાંચ સભ્યોની દેખરેખ કમિટીની રચના કરવાની જાહેરાત કરી હતી. જંતરમંતર પર ત્રણ દિવસ સુધી ધરણા પ્રદર્શન કરનારા પહેલવાનોમાં સામેલ બજરંગ પુનિયા, વિનેશ ફોગાટ, સરિતા મોર અને સાક્ષી મલિકે વડા પ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહ પ્રધાન અમિત શાહ અને ઠાકુરને ટેગ કરીને એકસરખા ટ્વિટ કરીને પોતાની નારાજગી વ્યક્ત કરી છે. પહેલવાનોએ પોતાના ટ્વિટમાં લખ્યું છે કે 'અમને ખાતરી આપવામાં આવી હતી કે દેખરેખ કમિટી બનાવતા પહેલા અમારી સલાહ લેવામાં આવશે. પણ એમ ન થયું તે દુઃખદ છે.

### આઇસીસી ટેસ્ટ ટીમ ઓફ ધ યરમાં ઋષભ પંત એકમાત્ર ભારતીય, સ્ટોક્સ કેપ્ટન

દુબઇ, તા. 24 : ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સીલ (આઇસીસી) દ્વારા ટી-20 અને વન ડે બાદ ટેસ્ટ ટીમ ઓફ ધ યરની પણ જાહેરાત કરી છે, જેમાં એકમાત્ર ભારતીય તરીકે વિકેટકીપર બેટ્સમેન ઋષભ પંતનો સમાવેશ કરાયો છે. આ ટીમની કેપ્ટનશિપ ઈંગ્લેન્ડના બેન સ્ટોક્સને સોંપવામાં આવી છે. આઈસીસી ટેસ્ટ ટીમ ઓફ ધ યરમાં સૌથી વધુ ચાર ખેલાડીઓ ઓસ્ટ્રેલિયાના છે, ઇંગ્લેન્ડના ત્રણ ખેલાડીઓ જ્યારે ભારત, પાકિસ્તાન, દક્ષિણ આફ્રિકા અને વેસ્ટઇન્ડિઝના 1-1 ખેલાડીનો તેમાં સમાવેશ કરાયો છે.

આઈસીસી ટેસ્ટ ટીમ ઓફ ધ યર : ઉસ્માન ખ્વાજા (ઓસ્ટ્રેલિયા), ક્રેગ બ્રેથવેટ (વેસ્ટઈન્ડિઝ), માર્નસ લાબુશેન (ઓસ્ટ્રેલિયા), બાબર આઝમ (પાકિસ્તાન), જોની બેયરસ્ટો (ઇંગ્લેન્ડ), બેન સ્ટોક્સ (કેપ્ટન) (ઇંગ્લેન્ડ), ઋષભ પંત (વિકેટકીપર), પેટ કમિન્સ (ઓસ્ટ્રેલિયા), કાગીસો રબાડા (દક્ષિણ આફ્રિકા), નાથન લિયોન (ઓસ્ટ્રેલિયા), જેમ્સ એન્ડરસન (ઇંગ્લેન્ડ).

### આઇસીસી મહિલા વન ડે ટીમ ઓફ ધ યરમાં ત્રણ ભારતીયનો સમાવેશ, હરમનપ્રીત કેપ્ટન

દુબઇ, તા. 24 : ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સીલ (આઇસીસી) દ્વારા 2022ની મહિલા વન ડે ટીમ ઓફ ધ યર જાહેર કરી છે, જેમાં ત્રણ ભારતીય મહિલા ખેલાડીનો સમાવેશ કરાયો છે અને તેમાંથી હરમનપ્રીત કૌરને ટીમની કેપ્ટન બનાવવામાં આવી છે. આ ટીમમાં ભારતની ત્રણ ઉપરાંત દક્ષિણ આફ્રિકાની ત્રણ, ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડની 2-2 તેમજ ન્યૂઝીલેન્ડની એક ખેલાડીનો સમવેશ કરાયો છે. ભારતની હરમનપ્રીત કૌર ઉપરાંત સ્મૃતિ મંધાના અને રેણુકા સિંહને આ ટીમમાં સ્થાન મળ્યું છે.

આઈસીસી મહિલા વન ડે ટીમ ઓફ ધ યર : એલિસા હીલી (વિકેટકીપર) (ઓસ્ટ્રેલિયા), સ્મૃતિ મંધાના (ભારત), લૌરા વોલવૉર્ટ (દ. આફ્રિકા), નેટ સ્કીવર (ઇંગ્લેન્ડ), બેથ મૂની (ઓસ્ટ્રેલિયા), હરમનપ્રીત કૌર (કેપ્ટન)(ભારત), એમેલિયા કેર (ન્યૂઝીલેન્ડ), સોફી એક્લેસ્ટોન (ઈંગ્લેન્ડ), અયાબોંગા ખાકા (દક્ષિણ આફ્રિકા), રેણુકા સિંહ (ભારત), શબનીમ ઈસ્માઈલ (દક્ષિણઆફ્રિકા)

### આઇસીસીની મેન્સ વન ડે ટીમ ઓફ ધ યરમાં શ્રેયસ-સિરાજનો સમાવેશ, બાબર કેપ્ટન

દુબઇ, તા. 24 : ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સીલ (આઇસીસી) દ્વારા મંગળવારે 2022ની વન ડે ટીમ ઓફ ધ યરની જાહેરાત કરવામાં આવી હતી, જેમાં શ્રેયસ અય્યર અને મહંમદ સિરાજ એમ બે ભારતીય ખેલાડીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ટીમનું સુકાન પાકિસ્તાનના કેપ્ટન બાબર આઝમને સોંપાયું છે. વન ડે ટીમ ઓફ ધ યરમાં ઓસ્ટ્રેલિયા, વેસ્ટઈન્ડિઝ, ભારત અને ન્યુઝીલેન્ડના બે-બે ખેલાડી છે, જ્યારે પાકિસ્તાન, ઝિમ્બાબ્વે અને બાંગ્લાદેશના એક-એક ખેલાડીને સ્થાન મળ્યું છે.

આઈસીસી મેન્સ વન ડે ટીમ ઓફ ધ યર : બાબર આઝમ (કેપ્ટન) (પાકિસ્તાન), ટ્રેવિસ હેડ (ઓસ્ટ્રેલિયા), શાઈ હોપ (વેસ્ટઈન્ડિઝ, શ્રેયસ અય્યર (ભારત), ટોમ લાથમ (વિકેટકીપર) ન્યૂઝીલેન્ડ, સિકંદર રઝા (ઝિમ્બાબ્વે), મહેંદી હસન મિરાજ (બાંગ્લાદેશ), અલઝારી જોસેફ (વેસ્ટઈન્ડિઝ), મહંમદ સિરાજ (ભારત), ટ્રેન્ટ બોલ્ટ (ન્યૂઝીલેન્ડ), એડમ ઝમ્પા (ઓસ્ટ્રેલિયા).

### સુડોકુ - 'કૃતિ' ૪૯૪૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૬ | | | | | ૨ | ૪ | |
| ૨ | | ૫ | | | ૪ | | ૬ | |
| ૯ | ૪ | ૭ | | ૧ | | | ૩ | |
| ૮ | ૩ | ૯ | ૨ | | ૭ | | ૧ | ૪ |
| | | ૧ | ૮ | | ૯ | | | ૩ |
| ૫ | | ૬ | | ૩ | | ૯ | ૮ | ૭ |
| | | | | | | ૩ | ૯ | ૬ |
| | | ૪ | ૫ | | | ૧ | | |
| | ૮ | | | | ૬ | ૪ | | ૨ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

# ત્રિકોણીય સીરિઝમાં મંધાના-હરમનપ્રીતની અર્ધસદીની મદદથી ભારતે વેસ્ટઇન્ડિઝને હરાવ્યું

**ભારતીય** ટીમે 2 વિકેટે 167 રન બનાવ્યા પછી વેસ્ટઇન્ડિઝને 4 વિકેટે 111 રન સુધી સિમિત રાખ્યું

ઈસ્ટ લંડન, તા. 24 : અહીં રમાઇ રહેલી ત્રિકોણીય ટી-20 સીરિઝની એક મેચમાં સ્મૃતિ મંધાના અને કેપ્ટન હરમનપ્રીત કૌરની નોટઆઉટ અર્ધસદીઓની મદદથી ભારતીય મહિલા ટીમે



વેસ્ટ ઈન્ડિઝને 56 રનથી હરાવ્યું હતું. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ભારતીય ટીમે 20 ઓવરમાં બે વિકેટે 167 રન બનાવ્યા હતા. જવાબમાં વેસ્ટ ઈન્ડિઝની ટીમ ચાર વિકેટે 111 રન જ બનાવી શકી હતી.

52 રનમાં બે વિકેટ ગુમાવનાર ભારતીય ટીમને મંધાના અને હરમનપ્રીતની ભાગીદારીએ પડકારજનક સ્કોર પર પહોંચાડી હતી. પ્રથમ મેચમાં ખરાબ તબિયતના કારણે આઉટ થયેલી હરમનપ્રીતે 35 બોલમાં આઠ ચોગ્ગાની મદદથી 51 રન બનાવ્યા હતા. મંધાનાએ 51 બોલમાં 74 રન બનાવ્યા હતા.

બંનેએ લગભગ 12 ઓવર સુધી ક્રિઝ પર ઊભા રહીને ટીમને સારા સ્કોર સુધી પહોંચાડી હતી. વેસ્ટ ઈન્ડિઝની ટીમે માત્ર 25 રનમાં ત્રણ વિકેટ ગુમાવી દીધા પછી શેમાની કેમ્પબેલ અને હેલી મેથ્યુઝની ભાગીદારીની મદદથી 20 ઓવરમાં 4 વિકેટે 111 રન બનાવ્યા હતા.

## આજનું પંચાંગ

**તા. 25/01/2023, બુધવાર**

**વિક્રમ સંવત :** 2079 **શાકે :** 1944
**વીર સંવત :** 2549
**માસ:** મહા, તિથિ:સુદ:-ચોથ: 12:35, શ્રી ગણેશ જયંત,
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** શિશિર
**રાષ્ટ્રિય દિનાંક :** મહા: 05
**નક્ષત્ર :** પૂ.ભા.:20:06,
**યોગ:** પરિઘ **કરણ:** બવ
**રાશિ:** કુંભ(ગ,સ,શ,ષ)14:30પછીમીન(દ.ચ.ઝ.થ.)
**દિવસ :** મિશ્ર - વિનાયક ચતુર્થી, વરદ ચતુર્થી
**સુરતમાં સૂર્યોદય :** 07:19 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:23
**નવકારસી :** 08:07
**પારસી વર્ષ :** 1392, શેહરેવર માસનો 13 મો રોજ
**મુસલમાન વર્ષ :** 1444, રજ્જબ માસનો 02 જો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ
**રાત્રિનાં ચોઘડિયાં :** ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ
**રાહુ કાળ :** બપોરે: 12:00 થી 13:30 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ.લ.ઇ.) :** મિત્રોની મદદથી અચાનક તક મળે. સમાજ જીવનમાં યશ મળે.
**વૃષભ (બ.વ.ઉ.):** નોકરી-ધંધા માટેના પ્રયત્ન પાર પડે. નવીન કાર્યપદ્ધતિનો અનુભવ થાય.
**મિથુન (ક.છ.ઘ.):** અચાનક મિત્રો-સંબંધીઓ વગેરેની મુલાકાત ઉત્સાહ વધારે.
**કર્ક (ડ.હ.):** આરોગ્ય નરમ-ગરમ રહે. કોઈની જમાનત લેવી નહીં. ધીરજ રાખવી.
**સિંહ (મ.ટ.):** નવાં કામ મળે. નવાં સંબંધો મજબૂત બને. રોજનાં કામ સરળ રહે.
**કન્યા (પ.ઠ.ણ.):** કામકાજની જગ્યાએ નવા ફેરફારથી લાભથાય. સહકાર મળે.
**તુલા (ર.ત.):** તમારાં અધૂરાં કામ પાર પડે. મિત્રોનો સાથ મળે. પ્રેમમાં અનુકૂળતા રહે.
**વૃશ્ચિક (ન.ય.):** ઘર, વાહન, મકાન, દુકાન, જમીન વગેરે કામમાં અનુકૂળતા વધશે.
**ધન (ભ.ધ.ફ.ઢ.):** રચનાત્મક અને મનગમતાં કામ પાર પડે. પ્રવાસમાં અનુકૂળતા રહે.
**મકર (ખ.જ.):** વાદ-વિવાદથી દૂર રહેવું ઘરના કામનો બોજ રહે.આર્થિક ભીંસ રહે.
**કુંભ (ગ.સ.શ.ષ.):** ઉત્સાહ વધે.આત્મ સન્માન વધે. વિરોધીઓ ધીમાં પડે.
**મીન (દ.ચ.ઝ.થ.):** આરોગ્યનું ધ્યાન રાખવું બાકી અચાનક તકનો દિવસ છે.

### કોઇ પણ સાલમાં 25 જાન્યુઆરીએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરી-ધંધામાં વ્યવસાયમાં સામાન્ય રહે. નવા ધંધા કે નોકરી માટેના પ્રયત્નો સફળ રહેશે. આર્થિક બાબતે સામાન્ય રહે. આરોગ્ય માટે સજાગ રહેવાનું રહેશે. નવાં રોકાણમાં કોઈની વાતમાં આવવું નહી. સમાજમાં સામાન્ય રહે. ઉમરલાયકના વિવાહ થાય. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. વિદેશનાં કામ થાય. વિદેશમાં વિદ્યાભ્યાસનાં કામમાં મદદ મળે. સંતાનોનાં કામ થાય. મિત્રો વગેરેની મદદથી વડીલોનાં કામ થાય. ઘર, વાહન, મકાન, મિલકત, વારસો, જમીન વગેરે કામમાં મદદ મળે. યાત્રા પ્રવાસ ધર્મ-કર્મ થાય. નવા વિચારો સાથે નવી ટેકનોલોજીનો લાભ મળે. જૂન-જુલાઈમાં ભાગ્યનો સાથ મળે. ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં ખર્ચા વધશે.

## શબ્દગુંફન - ૬૩૪૫

અરવિંદ એસ. મારૂ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | | ૩ | | | | |
| | | | | ૫ | | | ૬ | | |
| ૭ | ૮ | | ૯ | | | | | | |
| | ૧૦ | | | | | | ૧૧ | | ૧૨ |
| ૧૩ | | | ૧૪ | | ૧૫ | | | | |
| | | ૧૬ | | | ૧૭ | | ૧૮ | ૧૯ | |
| | ૨૦ | | | ૨૧ | | | ૨૨ | | |
| ૨૩ | | ૨૪ | | | ૨૫ | ૨૬ | | ૨૭ | ૨૮ |
| ૨૯ | ૩૦ | | | ૩૧ | | ૩૨ | | | |
| | | | ૩૩ | | | | | ૩૪ | |

**આડી ચાવી**
૧. એક ફૂલછોડ (૪)
૩. મુસાફર ખાનું (૨)
૫. વિશ્વ, દુનિયા (૨)
૬. સરખું (૩)
૭. ઇમારતી લાકડું (૨)
૯. પારકા ઉપર આધાર રાખવો તે (૬)
૧૦. અનાજ ભરવાનો ઓરડો (૩)
૧૧. ફેરવી તોળવું તે (૩)
૧૩. ઢીલ, વિલંબ(૨)
૧૪. માળી (૨)
૧૬. પૃથ્વી, ધરા (૨)
૧૭. વારસાનો અધિકાર (૫)
૨૦. દેશ-પ્રદેશ (૨)
૨૧. આસક્તિ, પ્યાર (૨)
૨૨. અણુ,ધૂળનો કણ (૨)
૨૪. ટોળું, મંડળ (૨)
૨૫. તરતનું, તાજું (૨)
૨૭. કુસ્તીબાજ, પહેલવાન (૨)
૨૯. હોડ, બોલી (૩)
૩૨. પાંદડું (૨)
૩૩. આહાર બંધ કરવો તે (૪)
૩૪. તર, મલાઈ (૨)

**ઊભી ચાવી**
૧.બાળા,છોકરી (૩)
૨.આદર, સન્માન (૨)
૩. જોગવાઈ અનુકૂળતા (૪)
૪. સરખાપણું (૪)
૫. સહેજ, થોડું (૨)
૬. બળવાન (૩)
૮. સહેજ ઇશારો કે સૂચના (૩)
૯. બીજા ગામનો રહેવાસી (૪)
૧૨. સિંહની ગર્જના (૩)
૧૩. બહાદુર, શૂર (૨)
૧૬. જમીનમાં દટાયેલું (૪)
૧૭. જમીન પર આવજા માટે વપરાતું સાધન (૩)
૧૮. સહાય, મદદ (૨)
૧૯. પચેલું (૩)
૨૩. પોશાક, પહેરવેશ (૨)
૨૬. મુખ, ચહેરો (૩)
૨૮. લગાર, જરાક (૩)
૩૦. કિંમતી પથ્થર (૨)
૩૧. આપવું તે (૨)

## અનુસંધાન ... પાના પહેલાનું

### દિલ્હી-ઉત્તરાખંડ,...

તાત્કાલિક કોઈ અહેવાલ નથી. દેહરાદૂન, ઉત્તરકાશી, પિથોરાગઢ સહિત ઉત્તરાખંડના ઘણા ભાગોમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા અને લોકો ગભરાઈને ઘર અને ઓફિસમાંથી બહાર નીકળી ગયા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે મિલકતને નુકસાન અને કોઈને ઈજા થઈ હોવાના કોઈ તાત્કાલિક અહેવાલ નથી.

### નાટુ નાટુ બેસ્ટ...

સબજેક્ટ વર્ગમાં તમિલ ડોક્યુમેન્ટરી 'ધ એલિફેન્ટ વ્હીસ્પર્સ'ની સ્પર્ધા 'હોલઆઉટ', 'હાઉ ડુ યુ મેઝર અ યર?', 'ધ માર્થા મિશેલ ઈફેક્ટ' અને 'સ્ટ્રેન્જર એટ ધ ગેટ' સાથે થશે. વર્ષ 2008માં આવેલી બ્રિટીશ ફિલ્મ 'સ્લમડોગ મિલિયોનેર'ના ગીત 'જય હો' પ્રથમ હિન્દી ગીત હતું જેને ઓરીજનલ સ્કોર અને ઓરીજનલ ગીત વર્ગમાં ઓસ્કાર પુરસ્કાર મળ્યો હતો, તેનું સંગીત એ આર રહેમાને આપ્યું હતું જ્યારે ગીત ગુલઝારે લખ્યું હતું. ઓસ્કાર એવોર્ડ સમારંભ 12 માર્ચ, 2023ના રોજ ઓવેશન હોલિવુડના ડોલ્બી થીએટરમાં યોજાશે.

### BBCની મોદી પરની...

હતો. કેરળમાં સત્તાધીશ સીપીઆઈ (એમ)ની યુવા પાંખ ડીવાયએફઆઈ કહ્યું હતું તે કેરળમાં જ ડોક્યુમેન્ટરી નહીં દર્શાવશે પણ આખા ભારતમાં દર્શાવશે. કેન્દ્ર સરકાર તેને છુપાવવાના પ્રયાસ કરી રહી છે તો છતાં તેને જાહેરમાં દર્શાવાશે, એમ ડીવાયએફઆઈના રાજ્ય સચિવ વી કે સનોજે કહ્યું હતું.

આ પહેલાં દિવસની શરૂઆતમાં રાજ્યમાં વિવિધ રાજકીય જૂથોએ જાહેરાત કરી હતી કે તેઓ રાજ્યમાં વિવાદાસ્પદ બીબીસી ડોક્યુમેન્ટરીનું સ્ક્રીનીંગ કરશે, જેના પગલે ભાજપે મુખ્યમંત્રી પિનરાઈ વિજયનને હસ્તક્ષેપ કરવા અને આવા પ્રયાસોને અટકાવવા માટે વિનંતી કરી હતી.

### પેરિસ-નવી દિલ્હી...

આવશ્યકતાઓનું ઉલ્લંઘન છે.'' આ ઘટનાઓ માટે ડીજીસીએ આ મહિનાની શરૂઆતમાં એર ઇન્ડિયાના જવાબદાર મેનેજરને કારણ બતાવો નોટિસ જારી કરવામાં આવી હતી કે શા માટે તેમની નિયમનકારી જવાબદારીઓને અવગણવા બદલ તેમની સામે અમલીકરણ પગલાં લેવામાં ન આવે. એરલાઇને 23 જાન્યુઆરીએ કારણદર્શક જવાબ રજૂ કર્યો હતો. ડીજીસીએએ જવાબની તપાસ કર્યા બાદ નાણાકીય દંડ અંગે નિર્ણય લીધો હતો.

### દિલ્હી ડાયરી...

મંત્રાલયનાં સૂત્રોએ જણાવ્યું હતું કે, ટોચના પાંચ વિચારોમાંથી દરેકને બે લાખ રૂપિયાના રોકડ પુરસ્કારથી નવાજવામાં આવશે. તેઓએ કહ્યું કે, રોકડ પુરસ્કારના રૂપમાં આ પ્રોત્સાહનનો હેતુ આ ચેલેન્જમાં વધુ ને ભાગીદારીને પ્રોત્સાહિત કરવાનો છે. દેશની સામાન્ય અર્થવ્યવસ્થાના ઉત્થાનનો ઉદ્દેશ્ય ધરાવતી કોઈપણ યોજના ત્યાં સુધી ખૂબ ઓછા અથવા ઇચ્છનીય પરિણામો પ્રાપ્ત કરશે જ્યાં સુધી ગ્રામીણ અર્થવ્યવસ્થાને પણ મોટા પાયે સામેલ કરવામાં ન આવે.

**કોંગ્રેસનો સરાહનીય નિર્ણય**

કોંગ્રેસના ભૂતપૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રાના દિલ્હી તબક્કાની સુરક્ષાના કથિત ભંગને લઈને મુખ્ય વિપક્ષી પાર્ટી કોંગ્રેસ અને શાસક ભાજપ વચ્ચે શબ્દોની લડાઈ ચાલુ થઈ ગઈ છે. કોંગ્રેસે આ મુદ્દે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને પણ પત્ર લખ્યો હતો. પાર્ટીએ એક ખંડનનો સખત પ્રતિસાદ આપવાનું નક્કી કર્યું હતું, જે ગૃહ મંત્રાલયના અધિકારીઓએ સીઆરપીએફ દ્વારા કથિત રીતે ચલાવ્યું હતું, જે કોંગ્રેસના કેરળ સાંસદની સુરક્ષાનો હવાલો છે. તદનુસાર, 30 ડિસેમ્બરે એક પ્રેસ-કોન્ફરન્સ યોજવાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સીઆરપીએફના આરોપને રદિયો આપવામાં આવ્યો હતો કે રાહુલ ગાંધીએ પોતે પ્રોટોકોલનું ઉલ્લંઘન કર્યું હતું. જોકે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીનાં માતા હીરાબાના દુઃખદ અવસાનને ધ્યાનમાં રાખીને અને સદ્ભાવનાના સંકેત તરીકે પાર્ટીએ પ્રેસ-કોન્ફરન્સ એક દિવસ માટે મુલતવી રાખી હતી. પાર્ટીના ટોચના પ્રવક્તા પવન ખેરાએ કહ્યું હતું કે, સ્થગિત કરવાનો નિર્ણય દિવંગત આત્માના સન્માનના ચિહ્ન તરીકે લેવામાં આવ્યો હતો. કોંગ્રેસનો આવો નિર્ણય સરાહનીય છે.આ ભાવના દરેક રાજકીય પક્ષોએ અનુસરવી જોઈએ જ્યારે હાલમાં રાજકીય પક્ષો અને વ્યવસ્થાઓ ચલાવનારાઓ દ્વારા સામાજિક બારીકાઈઓ અને પરસ્પર આદરને પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે.

**મુત્સદ્દીગીરી આગળ ધપાવવાની અનોખી રીત**

આર્જેન્ટિનામાં ભારતીય દૂતાવાસે એક તક ઝડપી લીધી. કારણ કે, દક્ષિણ અમેરિકન દેશ તાજેતરમાં કતારમાં યોજાયેલા ફૂટબોલ વર્લ્ડ કપની ફાઇનલમાં પહોંચ્યો હતો. આર્જેન્ટિનામાં ભારતીય રાજદૂત અને એક અનુભવી રાજદ્વારી દિનેશ ભાટિયાએ કેરળ અને પશ્ચિમ બંગાળમાં આર્જેન્ટીના માટે ઉત્સાહ દર્શાવતા ભીડની વીડિયો -ક્લિપ્સને આગળ ધપાવી હતી. ત્યાર બાદ, આર્જેન્ટિનાએ વર્લ્ડ કપ જીત્યો તેની સાથે કુમારે પણ ઉજવણીમાં ભાગ લીધો. તેણે વિવિધ સોશિયલ મીડિયા સાઇટ્સ પર આર્જેન્ટિનિયન કલરમાં 'પુટ્ટુ' (કેરળની ચોખાની વાનગી) નો વીડિયો પણ પોસ્ટ કર્યો હતો. મુત્સદ્દીગીરી આગળ ધપાવવાની આ એક અનોખી રીત છે.

## દાદીમાના નુસખા

**મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ**

### જીરક-લવણ

આ એક સ્વાદિષ્ટ જણસ છે. અત્યારે લીંબુ ખૂબ સરસ મળે છે. લીંબુ નીચોવી કાઢેલા તાજા 1 લીટર રસમાં વડાગરૂ મીઠું, સંચળ, બિડલવણ દરેક 50-50 ગ્રામ નાંખી તેમાં જીરૂ+અજમો+કલોંજીનું સમભાગે કરેલું મિશ્રણ લીંબુના રસમાં સમાય તેટલું નાંખવું. આશરે 10-15 દિવસે રસ બીજમાં શોષાઇ જશે. એને બહાર કાઢી સૂકવી, સહજ શેકી ભરી રાખવું. જમ્યા પછી રુચિ પ્રમાણે ચાવીને ખાવું.